## શંકાસ્પદ ઘીની ફેક્ટરીનો કેસ કરવાની પોલીસને સત્તા નથી

સુરતઃ ઉત્રાણ પોલીસે અબ્રામામાં શંકાસ્પદ ઘી બનાવતી ફેક્ટરી પર દરોડા પાડી આરોપી સની કલ્પેશ મોદી, કિશન મનોજ મોદી, કલ્પેશ સુંદરલાલ મોદી, જીમીત શામળ પઢીયાર સામે ગુનો નોંધ્યો હતો. આ ચારેય આરોપીએ એડવોકેટ કમલેશ રાવલ મારફતે કોર્ટમાં જામીન અરજી કરી હતી.બચાવ પક્ષ દ્વારા પોલીસને ફરિયાદ કરવાની સત્તા ન હોવાની રજૂઆત કરી હતી. બંન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે બચાવ પક્ષની દલીલ સ્વીકારી કાયદાની જોગવાઈ મુજબ પોલીસને સત્તા ન હોવાનુ પ્રથમ પ્રથમ દર્શનીય માની ચારેય આરોપીને જામીન મુક્ત કરતો હુકમ કર્યો હતો.

## ડિંડોલીમાં વીજ કરંટ લાગતા પરિણીતાનું મોત

સુરતઃ મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ ડિંડોલી વિસ્તારમાં આવેલા સોમનાથ નગરમાં ૧૯ વર્ષીય સપના મનીષભાઈ સિંગ પિયરમાં ચાર મહિના પહેલા પ્રસુતિ માટે આવી હતી. આજે સવારે સપના ઘરની બહાર પાણીની મોટર ચાલુ કરવા ગઈ હતી. તે દરમિયાન પાણીવાળા હાથે સપના સ્વીચ બોર્ડને અડકતા તેને વીજ કરંટ લાગતા બેભાન થતાં નવી સિવિલ હોસ્પિટલ ખસેડાઈ હતી. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. મૃતક સપનાનો પતિ હૈદરાબાદ ખાતે ફાસ્ટ ફૂડની હોટલમાં નોકરી કરે છે. તેઓને સંતાનમાં બે પુત્ર છે.

## વરાછાના હીરાના કારખાનામાંથી ૧૭ વર્ષીય સગીર ગુમ

સુરતઃ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ભાંચાસ ગામના વતની અને હાલ વરાછા એલ.એચ. રોડ પર આવેલી પરિમલ સોસાયટીમાં રહેતા કાળુભાઈ ભીમભાઈ બારૈયા (ઉં.વ. ૪૦) ચોકસી બજારમાં આવેલી ધન ચેમ્બર્સના બીજા માળે રાજુભાઈના હીરાના ખાતામાં રત્નકલાકાર તરીકે કામ કરે છે. તેમની સાથે તેમનો સગો ભત્રીજો દિવ્યેશસિંહ બહાદુરભાઈ બારૈયા (ઉં.વ. ૧૭ વર્ષ, ૮ મહિના) પણ હીરા મજૂરીનું કામ કરતો હતો અને હીરાની ઓફિસે જ રહેતો હતો. ગત તા. ૧૩/૧૦/૨૦૨૬ના રોજ દિવ્યેશસિંહ રાત્રે સાડા આઠેક વાગ્યે ચોકસી બજાર સ્થિત રાજુભાઈની ઓફિસે સુવા માટે નીકળ્યો હતો. બાદમાં ગુમ થઈ ગયો હતો.

## ચેક રિટર્ન કેસમાં આરોપીની 3 અપીલ રદ

સુરતઃ કતારગામના જૈનેશ ભાદાણીએ ફરિયાદી જેનીશ ગોધાણી પાસેથી હીરાની ખરીદી કરી હતી. હીરાના પેમેન્ટ પેટે આરોપીએ આપેલા ચેક રિટર્ન થયા હતા. ત્યારબાદ બંને પક્ષકારો વચ્ચે સમાધાન થતાં આરોપીએ કાયદેસરના નાણાં પેટે ફરીથી ચેક આપ્યા હતા, જે ચેકો પણ રિટર્ન થતાં ફરિયાદી જેનીશ ગોધાણીએ એડવોકેટ નરેશ નાવડીયા મારફતે કોર્ટમાં 3 કેસ દાખલ કર્યા હતા. ટ્રાયલ કોર્ટે તમામ 3 કેસમાં આરોપીને તકસીરવાર ઠેરવી ૧ વર્ષની કેદની સજા અને ચેકની રકમ ફરિયાદીને વળતર તરીકે ચૂકવવાનો હુકમ કર્યો હતો. જેની સામે આરોપીએ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. જે અપીલ સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી.

## ઠગાઈ કેસમાં વેપારીનાં જામીન નકારાયાં

સુરતઃ કતારગામના વેપારી જીગ્નેશ ખાણીયા પાસેથી રૂપીયા ૨૯.૫૭ લાખ કાપડનો માલ ખરીદી પેમેન્ટ નહીં ચૂકવનાર આરોપી વેપારી એઝાઝ હનીફની જામીન અરજી કોર્ટે નામંજૂર કરી હતી. મુળ ફરિયાદી પક્ષે એડવોકેટ અજય વેલાવાલાએ સોગંદનામું રજુ કરી જામીન અરજીનો વિરોધ કરતી રજુઆત કરી હતી.

# થાર, ઓડી-રેન્જરોવર સળગી ગઈ

**ઉધના**-મગદલ્લા રોડના મલ્ટિકાર વર્કશોપમાં આગ

**ટ્રાન્સફોર્મરમાંથી** ઝરેલા તણખા કચરાના ઢગલા પર પડતાં ઘટના

### 20 દિવસમાં બીજી ઓડી સળગી

સુરત શહેરના પોશ ગણાતા પાલ વિસ્તારમાં મોડી રાત્રે એક લક્ઝુરિયસ કારમાં અચાનક આગ ફાટી નીકળવાની ઘટના સામે આવી હતી. પાલ વિસ્તારમાં રહેતા હેમંતભાઈ પટેલ તેમની 70 લાખની ઓડી કાર (GJ-05-JF-9342) લઈને પાલ ગ્રીન સિટી રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન કારના બોનેટમાંથી અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. વાહનમાં કોઈ ખામી સર્જાઈ હોવાનું ધ્યાને આવતાં જ હેમંતભાઈએ જરાય ડર્યા વગર તુરંત કારને રોડની સાઈડમાં ઊભી રાખી દીધી હતી અને પલકારામાં જ દરવાજો ખોલીને બહાર નીકળી ગયા હતા.





સુરતઃ ઉધના-મગદલ્લા રોડ પર શનિવારે વહેલી સવારે એક મલ્ટિકાર વર્કશોપમાં આગ લાગી હતી હતી. વર્કશોપ નજીક આવેલા વીજ ટ્રાન્સફોર્મરમાંથી ઓવરહિટિંગને કારણે તણખા નજીકના કચરાના ઢગલા પર પડતાં ફાટી નીકળેલી આગમાં થાર, રેન્જરોવર, ઓડી અને એક ઈનોવા સંપૂર્ણ સળગી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, ઉધના-મગદલ્લા રોડ પર ઈકબાલભાઈ પઠાણ ગુજરાત મોટર્સના નામથી મલ્ટિકાર વર્કશોપ ધરાવે છે જેમાં શનિવારે સવારે 6:27 વાગ્યાના અરસામાં વર્કશોપ નજીક આગ લાગવાની શરૂઆત થઈ હતી. જેની જાણ થતાં ફાયર જવાનો ઘટના સ્થળે પહોંચ્યા હતાં.

મજૂરા ફાયર સ્ટેશનના સબ ફાયર ઓફિસર કાંતિ ભગેરિયાના જણાવ્યા મુજબ, વર્કશોપની નજીકના વીજ ટ્રાન્સફોર્મરમાં ઓવરહિટિંગ થવાને કારણે તેમાંથી તણખા ઝર્યા હતા. જે કચરાના ઢગલામાં પડતાં આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરીને નજીકના મલ્ટિકાર વર્કશોપને પણ પોતાની લપેટમાં લઈ લીધો હતો. વર્કશોપમાં વેચાણ માટે રાખવામાં આવેલી રેન્જ રોવર, ઈનોવા, ઓડી અને થાર સહિતની ચાર કાર આગની ઝપેટમાં આવી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાની કામગીરી શરૂ કરી હતી. ફાયર જવાનોની સમયસરની કામગીરીને કારણે ગણતરીની મિનિટોમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. આગની ઘટનામાં ત્રણ લક્ઝુરિયસ કાર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી.

# પીપળા નીચે ચરણ પ્રાગટ્ય અને દેખાયા સુરતના નવસારી બજારના ઔરંગા માતાજી!



સુરતના ધમધમતા નવસારી બજાર ચાર રસ્તા પર આવેલું શ્રી ઔરંગા માતાજીનું મંદિર સદીઓ જૂની આસ્થા અને અકલ્પ્ય ચમત્કારોનું જીવંત કેન્દ્ર છે. આ પાવન ધામનો આરંભ ભક્ત ફૂલચંદ નામના એક બ્રાહ્મણની અડગ શ્રદ્ધાથી થયો હતો. લોકવાયકા મુજબ, જગદંબાએ ફૂલચંદને સ્વપ્નમાં દિવ્ય આદેશ આપતાં જણાવ્યું હતું કે, "પીપળાના વૃક્ષ નીચે મારો નિવાસ છે, ત્યાં ખોદકામ કરશો એટલે મારા ચરણ પ્રગટ થશે, જ્યાં હું નાગ સ્વરૂપે બિરાજમાન છું". માતાજીના આદેશ મુજબ એક જ હાથે માટી ખોદતાં જ ધરાના પેટાળમાંથી માના દિવ્ય ચરણ પ્રગટ થયાં અને શ્રદ્ધાળુઓએ ત્યાં પવિત્ર સ્થાપના કરી.

**જગદંબાએ ફૂલચંદને સ્વપ્નમાં આદેશ આપતાં જણાવ્યું હતું કે, "પીપળાના વૃક્ષ નીચે ખોદકામ કરશો એટલે મારા ચરણ પ્રગટ થશે"**

આ સ્થાનક સાથે 'ઔરંગા માતા' નામ જોડાવા પાછળ એક રોમાંચક પરચો વણાયેલો છે. વર્ષો પહેલાં જ્યારે નવસારી બાગ તરફ જતો નવો માર્ગ બની રહ્યો હતો, ત્યારે મંદિરની સીમા નજીક એક ટ્રેક્ટર અચાનક બંધ પડી ગયું. મિકેનિકોના તમામ પ્રયાસો છતાં ત્રણ દિવસ સુધી એ વાહન રતીભાર પણ આગળ ન વધ્યું. આખરે ગુમાની માલિકનું અભિમાન ઓગળ્યું અને તેને મંદિર તરફ જવાની અંતઃપ્રેરણા થઈ. તેણે આવીને નતમસ્તક થઈ એક શ્રીફળ માતાજીના ચરણે વધેર્યું અને બીજું ટ્રેક્ટર પર અર્પણ કર્યું. ક્ષણવારમાં જ એ ટ્રેક્ટર સડસડાટ ચાલુ થઈ ગયું અને મંદિરની હદ ઓળંગીને આગળ વધી ગયું! માતાજીની સીમા ઓળંગવા નમવું પડ્યું અને માએ અહંકાર ઓગાળી પરચો બતાવ્યો, તેથી ભક્તોએ તેમને 'ઔરંગા માતા' તરીકે ઓળખાવ્યા. પાછળથી સ્થપાયેલી નવી પ્રતિમાનું મુખારવિંદ પણ કુદરતી રીતે વાત્સલ્યસભર વૃદ્ધાવસ્થા જેવું બનતાં આ નામ વધુ લોકપ્રિય બન્યું.




વિમ્મી વિષ્ણુ ચેવલી

આ ધામ સાથે અનેક ચમત્કારિક માનતાઓ જોડાયેલી છે. કષ્ટદાયક પ્રસૂતિ વેઠતી સગર્ભા સ્ત્રીઓ માટે અહીં આવી માનતા રાખવાથી ત્રણથી પાંચ દિવસમાં સહજ પ્રસૂતિ થતી હોવાની ગાઢ શ્રદ્ધા છે. જન્મથી મૂંગો બાળક માતાજીની કૃપાથી બોલતો થયો હોવાનો તેમજ મહામારીના દિવસોમાં ભક્તોને રક્ષણ મળ્યાના અસંખ્ય દાખલા સ્થાનિકોમાં મોજૂદ છે. નવસારી બજારના ગેટ સામે આવેલા આ મંદિરમાંથી એક સમયે મૂળ ચાંદીની પ્રતિમાની ચોરી થઈ હતી. ત્યારબાદ ભક્તોએ શ્રદ્ધાભેર આરસપહાણની નયનરમ્ય મૂર્તિની સ્થાપના કરી. ચૈત્ર સુદ પૂનમના દિવસે ભવ્ય પાટોત્સવ સાથે ધબકતું આ મંદિર સુરતના ઈતિહાસ અને અતૂટ લોકવિશ્વાસનું અદ્ભુત પ્રતીક છે.

# તેલંગાણાવાસી દ્વારા આજે 'સદુલા બતુકમ્મા પંડુગા'ની ઉજવણી કરાશે



**નવરાત્રિના** પર્વ સાથે મહિલાઓ મોટી સંખ્યામાં ભાગ લઈ ફૂલોની દેવીની આરાધના કરશે

### 'સદુલા બતુકમ્મા પંડુગા'માં શું શું થશે?

- » મહિલાઓના સૌભાગ્ય અને સુખી દાંપત્યજીવન માટેની આરાધના
- » વિવિધ રંગબેરંગી ફૂલોથી તૈયાર થાય છે 'બતુકમ્મા'
- » નવપરિણીત મહિલાઓ માટે પિયર જવાનો વિશેષ અવસર
- » તેલુગુ લોકગીતો અને ગરબાથી ગુંજશે વાતાવરણ
- » શ્રેષ્ઠ બતુકમ્મા સજાવટ કરનાર બહેનોને ઇનામ
- » સુરતના અનેક વિસ્તારોમાં થશે ઉજવણી

સુરતઃ તેલંગાણા રાજ્યના લોકો નવરાત્રિના પર્વને અનોખી રીતે 'બતુકમ્મા પંડુગા' તરીકે ઉજવે છે.

આ વર્ષે રવિવાર, તા. ૧૮ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સુરતમાં તેલંગાણાવાસીઓ દ્વારા 'સદુલા બતુકમ્મા' પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવશે. આ પર્વમાં ખાસ કરીને મહિલાઓ મોટી સંખ્યામાં ભાગ લઈને દેવીની આરાધના કરશે અને પોતાની સંસ્કૃતિની આગવી ઝલક રજૂ કરશે.

# સોમવારે જ મનાવાશે આસો નવરાત્રિની આઠમ

**ઉદયતિથિના** શાસ્ત્રોક્ત નિયમ મુજબ 19 ઓક્ટોબરે આખો દિવસ આઠમ તિથિ ગણાશે

**માતાજીનાં** મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના અને હવન યોજાશે

સુરતઃ આસો નવરાત્રિ દરમિયાન આઠમની તિથિને લઈને આ વર્ષે તિથિના સમય અને ઉદય તિથિના શાસ્ત્રોક્ત નિયમને કારણે સોમવાર, 19 ઓક્ટોબરના રોજ આઠમની ઉજવણી કરવામાં આવશે.

હંસરાજ જ્યોતિષના જણાવ્યા પ્રમાણે આઠમની તિથિનો પ્રારંભ રવિવાર, 18 ઓક્ટોબરના રોજ સવારે 8.30 વાગ્યાથી થશે અને સોમવાર, 19 ઓક્ટોબરના રોજ સવારે 10.52 વાગ્યા સુધી રહેશે. જોકે, હિન્દુ ધર્મના શાસ્ત્રોક્ત નિયમ અનુસાર ઉદયતિથિને વિશેષ મહત્ત્વ આપવામાં આવતું હોવાથી સોમવારે આખો દિવસ આઠમ તિથિ માન્ય ગણાશે. આઠમના પાવન અવસરે સુરત સહિત વિવિધ સ્થળોએ આવેલા માતાજીના મંદિરોમાં વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

આઠમનું વિશેષ ધાર્મિક મહત્ત્વ હોવાથી દર વર્ષે મોટી સંખ્યામાં ભક્તો માતાજીનાં દર્શન માટે મંદિરોમાં ઊમટી પડે છે. આ દિવસે માતાજીની આરાધના સાથે હવન કરાવવાની પણ પરંપરા છે. સોમવાર, 19 ઓક્ટોબરના રોજ આઠમની ઉજવણી થશે અને શહેરનાં માતાજીનાં મંદિરોમાં ભક્તિમય માહોલ વચ્ચે ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

# રૂમમાંથી કાઢી મુકાતાં દંપતી પર હુમલો, પતિના આંતરડાં કાઢી નાંખ્યાં

**સચિન** જીઆઈડીસીમાં જેને આશરો આપ્યો તે અશોક સહાનીએ જ ગંદા ઈશારા કર્યા

**રૂમમાંથી** અશોકે મહિલાના વાળ પકડી ગળા પર ચપ્પુ ફેરવ્યું

સુરતઃ સચિન GIDC વિસ્તારમાં આવેલી હનુભાઈ ભરવાડની ચાલમાં રહેતા એક શ્રમજીવી દંપતી પર ઓળખીતા જ ઈસમે ચપ્પુ વડે જીવલેણ હુમલો કરી લોહીલુહાણ કરી દેતાં ચકચાર મચી જવા પામી છે.

મૂળ બિહારના મુઝફ્ફરપુર અને હાલ સચિન GIDCમાં સેન્ટિંગનું છૂટક મજૂરીકામ કરી ગુજરાન ચલાવતા દંપતી સાથે તેમના વતનનો ઓળખીતો અશોક શકલદેવ સહાની (ઉં.વ.૩૬) રહેતો હતો. ગત તા.૧૫/૧૦/૨૦૨૬ના રોજ રાત્રે આશરે આઠેક વાગ્યે ૨૪ વર્ષીય ગીતાદેવી પોતાના રૂમમાં રસોઈ બનાવી રહ્યાં હતાં. એ સમયે પતિ કામ અર્થે બહાર ગયા હોવાથી અશોક સહાની રૂમમાં ઘૂસી આવ્યો હતો અને ગીતાદેવી સામે બેસીને ખરાબ નજરે ગંદા ઈશારા કરવા લાગ્યો હતો.

ગીતાદેવીએ વિરોધ કરી તેને બહાર નીકળી જવા કહ્યું હતું. બાદ પતિ ઘરે આવતાં તેમણે આ હકીકત જણાવતાં પતિએ અશોકને પોતાનો સામાન લઈ તાત્કાલિક રૂમમાંથી નીકળી જવા ઠપકો આપ્યો હતો.

જેની અદાવત રાખી રાત્રે આશરે નવેક વાગ્યે અશોકે ચપ્પુ લઈ આવી આજ સબકો જાનસે માર દુંગા' કહી ગીતાદેવીના વાળ પકડી તેમને ગેલેરીમાં ઢસડી જઈ ગળા તથા પેઢાના ભાગે ચપ્પુના ઘા ઝીંકી દીધા હતા. પત્નીને બચાવવા વચ્ચે પડેલા પતિની છાતી અને પેટના ભાગે ચપ્પુના ઊંડા ઘા મારી દીધા હતા. જેથી પતિના પેટમાંથી આંતરડાં બહાર નીકળી ગયાં હતાં.

બુમાબુમ થતાં લોકો ભેગા થઈ જતાં હુમલાખોર ભાગી છૂટ્યો હતો. સ્થાનિકોએ બંનેને લોહીલુહાણ હાલતમાં નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયાં હતાં. ગંભીર ઈજા પામેલા તેમના પતિ હાલ ટ્રોમા સેન્ટરના SICU વોર્ડમાં બેભાન હાલતમાં જિંદગી અને મોત વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા છે. સચિન GIDC પોલીસે ગીતાદેવીની ફરિયાદના આધારે અશોક સહાની સામે હત્યાના પ્રયાસ સહિતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## પાંડેસરામાં 1.94 લાખની ઘરફોડમાં આરોપી ઝડપાયો

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં બંધ મકાનને નિશાન બનાવી ૧.૯૪ લાખની ચોરી કરનાર શાતિર આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે. બમરોલીના ઓમ કોમ્પ્લેક્સમાં રહેતા જયેશભાઈ પટેલના ઘરે ગત ૧૪ ઓક્ટોબરે નકુચો તોડી તસ્કરો સોના-ચાંદીના દાગીના અને રોકડ ચોરી ફરાર થયા હતા. પાંડેસરા પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે બાતમીના આધારે મૂળ યુ.પી.ના પ્રતાપગઢના અને હાલ બમરોલી રોડ પર રહેતા અમન જીતેન્દ્ર સિંહ નામના ૨૩ વર્ષીય યુવકની ધરપકડ કરી છે. પોલીસે તેની પાસેથી ૬૫ હજારના ચાંદીના દાગીના, ૫૦ હજાર રોકડા, ચોરીમાં વપરાયેલ મોટરસાઈકલ અને મોબાઈલ સહિત કુલ ૧.૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે અન્ય આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

# 'તેં મને ખૂબ દુઃખ આપ્યું, સિદ્ધેશ... Good bye', વાગ્દત્તાનો સાડીથી ફાંસો

**ડિંડોલીની** પલ્લવી મોરેના મંગેતર સિદ્ધેશનો શંકાશીલ સ્વભાવ જીવલેણ બન્યો

સુરતઃ 'Sorry મમ્મી, મારાથી બહુ મોટી ભૂલ થઈ ગઈ... સિદ્ધેશ, તને મારી કદર નહોતી અને રહેશે પણ નહીં, તેં મને ખૂબ દુઃખ આપ્યું છે. હવે તમારો ગુસ્સો શાંત થઈ જશે... Good bye'. ડીંડોલીની સાંઈ દર્શન રેસિડેન્સીમાં રહેતી પલ્લવી મોરેએ પોતાના મંગેતર સિદ્ધેશના ત્રાસથી સ્યુસાઈડ નોટ લખીને પોતાના જ ઘરમાં પંખા સાથે સાડી બાંધીને આપઘાત કરી લીધો હતો. પોલીસે સિદ્ધેશ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

### સિદ્ધેશે ગાળો આપી આપઘાત માટે મજબૂર કરી

સિદ્ધેશ અવારનવાર ફોન કરીને પલ્લવી, તેના ભાઈ પ્રતીક અને માતા નીતાબેનને ગંદી ગાળો આપી ઝઘડો કરતો હતો. તા. ૧૩/૧૦/૨૦૨૬ના રોજ માતા બહાર ગયા હતા અને ભાઈ નોકરી પર હતો ત્યારે ઘરમાં એકલી રહેલી પલ્લવીએ રૂમના પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો.

### સ્યુસાઈડ નોટમાં વ્યક્ત કરી મનોવ્યથા

'મમ્મી, મારી ખૂબ મોટી ભૂલ થઈ રહી છે, સોરી', પલ્લવીએ તેની મમ્મી માટે લખ્યું હતું કે, 'મેં તારું મન ખૂબ દુઃખી કર્યું છે, કારણ કે મારા લીધે તેં ઘણું સહન કર્યું છે. તારે હવે કંઈ જ સહન કરવાનું નથી. મારી ખૂબ ઈચ્છા છે ઘણું જીવવાની, પણ હવે બધાને તકલીફ નહીં થાય. મને ફક્ત મેં જે સારું કર્યું છે એટલા માટે જ યાદ કરતા રહેજો.' મારી અંતિમવિધિ વખતે મને ફક્ત આપણા જ ઘરના કપડાં પહેરાવજો. મને સિદ્ધેશના ઘરની એક રૂપિયાની વસ્તુ પણ નથી લગાડવી. મને એક દીકરીની જેમ જ સજાવજો, મારા લગ્ન થયા હોય તેમ સજાવતા નહીં. આવતા જન્મમાં તું કોઈ દીકરીને જન્મ ના આપતી, પપ્પાની પણ હું હાથ જોડીને માફી માંગુ છું. 'મંગેતર સિદ્ધેશને ઉદ્દેશીને લખ્યું હતું કે, 'તમે મને ખૂબ દુઃખી કરી છે, હવે તમારું મન શાંત થઈ જશે. તમારા માટે મેં બધું જ કર્યું, પણ તમે તમારો ગુસ્સો અને ગાળો છોડી શક્યા નહીં. મને તમારા પર ખૂબ પ્રેમ હતો, પણ તમે આપેલી તકલીફ સહન કરવાની... ખુશ રહેજો તમારા નવા જીવનમાં. ગુડ બાય.'

# અકસ્માતમાં પગ કાપવા છતાં યુવતીને બચાવી શકાઈ નહીં

**પેટ્રોલ** ભરાવવા માટે જઈ રહેલી બે બહેનોની મોપેડને ડમ્પરે ટક્કર મારતાં એકના પગ પરથી ટાયર ફરી વળ્યું હતું

**ડમ્પરચાલક** ફરાર, માલિકનો જવાબદારી સ્વીકારવાનો ઇનકાર

સુરતઃ અલથાણ-વેસુ રોડ પર પૂરપાટ ઝડપે આવેલા ડમ્પરે મોપેડ પર જતી બે સગી બહેનોને મારેલી ટક્કરમાં જે બહેનનો પગ કાપવો પડ્યો તેનું મોત થઈ ગયું હતું. મૃતકના ભાઈ સંદીપ ખરવારના જણાવ્યા અનુસાર, બંને બહેન મોપેડમાં પેટ્રોલ પુરાવવા જઈ રહી હતી ત્યારે પાછળથી આવેલા ડમ્પરે જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી બંને બહેનને પ્રથમ વેસુની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. ત્યાં પ્રાથમિક સારવાર બાદ તેમને નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જોકે, સ્થિતિ ગંભીર હોવાથી પરિવાર તેમને અપોલો હોસ્પિટલ લઈ ગયો હતો. ત્યાં નેહાના પગની ગંભીર ઈજાને કારણે પગ કાપવો પડે તેમ તબીબોએ જણાવ્યું હતું. ઓપરેશન સહિતના તબીબી પ્રયાસો છતાં નેહાનું મોત થયું હતું. નિક્કીની હાલત હાલ સામાન્ય હોવાનું જાણવા મળ્યું છે. પરિવારનો આક્ષેપ છે કે ડમ્પર માલિકનો સંપર્ક કરતાં તેણે ડ્રાઈવર ભાગી ગયો હોવાનું કહી જવાબદારી સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. ભાઈ સંદીપે ફરાર ડમ્પરચાલકને શોધી તેની સામે તેમજ જવાબદાર વાહન માલિક સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. પરિવારે ન્યાયની ગુહાર લગાવી છે.

# વ્યાજખોરોના ભારે ત્રાસથી ભંગારના વેપારીનો આપઘાતનો નિષ્ફળ પ્રયાસ

**રૂ.૩.૬૦** લાખ આપી વ્યાજખોરોએ પઠાણી ઉઘરાણી કરી રૂ.૧૬ લાખ પડાવ્યા

**હજુ** રૂ.૧૦.૫૦ લાખની માંગણી કરી પરિવારને ઉઠાવી જવાની ધમકી આપી

### વ્યાજ ચૂકવવા વ્યાજે નાણાં લેતાં વ્યાજચક્રમાં ફસાયો

વ્યાજખોર વિજય રબારીના ત્રાસથી બચવા મયંકે મે ૨૦૨૫માં સમરન રબારી પાસેથી રોજિંદા રૂ.૭૫૦ના વ્યાજે રૂ.૫૦,૦૦૦ લીધા હતા. બાદમાં વિજય અને સમરને ભેગા મળી રૂ.૭ લાખનું લખાણ કરવા દબાણ કરી ચાર સહી કરેલા ચેકો પડાવી લીધા હતા. ત્રાસ વધતાં મયંક ગામડે ભાગી ગયો હતો, પરંતુ પરત આવતાં વ્યાજખોરોએ રકમ વધારી દીધી હતી.

### ગાડી, લેપટોપ, માતાનો મોબાઈલ લઈ લીધાં

વેપાર ચાલુ કરવા માટે હરસુર ઉર્ફે હરીભાઈ નાગસે વગર વ્યાજે રૂ.૧ લાખ આપવાની લાલચ આપી હતી. નાણાં ન ચૂકવાતાં હરસુરે ઘરેથી ભાભીનું મોપેડ, લેપટોપ અને માતાનો મોબાઈલ કબ્જે કરી લીધો હતો. રકમ બમણી કરવાની ધમકી આપી સુઝુકી એક્સેસ મોપેડ પણ પડાવી લીધું હતું.

સુરતઃ છાપરાભાઠા વિસ્તારમાં વ્યાજખોરોના ભારે ત્રાસથી ભંગારનો વેપાર કરતાં વેપારીએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

અમરેલીના કુકાવવાવના વતની અને હાલ છાપરાભાઠાના આદર્શ નગર-૨માં રહેતા મયંકભાઈ પ્રાગજીભાઈ સોરઠીયા (ઉં.વ.૩૩) ટ્યુશન ક્લાસીસ ચલાવવાની સાથે છ વર્ષથી ભંગારનો વેપાર કરે છે. માર્ચ ૨૦૨૫માં છાપરાભાઠાના વિજય રબારીએ વેપારમાં રોકાણના નામે ૫૦ ટકા નફાની શરતે રૂ.૧ લાખ આપ્યા હતા. બાદમાં ત્રણ જ દિવસમાં દરરોજના રૂ.૫,૦૦૦ માંગવાનું શરૂ કર્યું હતું. મયંકે અસમર્થતા દર્શાવતાં વિજયે ૧૫ દિવસનું વ્યાજ રૂ.૭૫,૦૦૦ ગણી કુલ રૂ.૧.૭૫ લાખની માંગણી કરી હતી. ત્યારબાદ દૈનિક રૂ.૧૧૦૦ પેનલ્ટી ચાર્જ વસૂલવાનું શરૂ કર્યું હતું અને મયંકનો ગૂગલ પિક્સલ-૬ ફોન પણ ઝૂંટવી લીધો હતો. પોલીસે ત્રણેય વ્યાજખોરો વિજયભાઈ રબારી ઉર્ફે વિજય મીરવાડા (રહે., છાપરાભાઠા), સમરન ઉર્ફે સેલેના સમરન મેરામભાઈ રબારી (રહે., છાપરાભાઠા) તથા હરસુર ભગુભાઈ નાગર ઉર્ફે હરીભાઈ નાગસ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

# ૯ વર્ષીય બાળકીની છેડતીમાં આરોપીને ત્રણ વર્ષની કેદ

**ગુડ** ટચ- બેડ ટચ અંગેની જાગૃતિ અને શૈક્ષણિક પ્રસારને કારણે બાળકો અવાજ ઉઠાવતા થયાં છેઃ કોર્ટ

**પીડિતાને** ૧ લાખ વળતર ચૂકવવાની ભલામણ કરતી કોર્ટ

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં ૯ વર્ષીય માસૂમ સગીરા સાથે અડપલાં કરી જાતીય સતામણી કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવીને ૩ વર્ષની સખત કેદની સજા અને કુલ ૯,૦૦૦નો દંડ ફટકાર્યો હતો. આ સાથે જ ભોગ બનનાર સગીરાના પુનઃસ્થાપન માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ૧,૦૦,૦૦૦ નું વળતર ચૂકવવાની પણ ભલામણ કરવામાં આવી હતી. તા. ૦૮/૦૯/૨૦૨૪ના રોજ ૯ વર્ષની સગીરા પોતાની સોસાયટીના પાર્કિંગ વિસ્તારમાં કચરો નાંખીને પરત ફરી રહી હતી. તે દરમિયાન આરોપીએ બાળકીની પીઠ પાછળ શરીરના ભાગે ગંદી રીતે હાથ ફેરવીને અડપલાં કરી છેડતી કરી હતી. સગીરાએ માતાન કહેતા તેણે ડિંડોલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો. અદાલતે નોંધ્યું હતું કે સ્કૂલોમાં 'ગુડ ટચ- બેડ ટચ' અંગેની જાગૃત્તિ અને શૈક્ષણિક પ્રસારને કારણે બાળકોને સમજ હોવાના કારણે આવા કેસો રિપોર્ટ થતાં હોય ત્યારે સગીર બાળકોને રક્ષણ મળે તેની તકેદારી રાખવી અતિ આવશ્યક છે. સગીરાની ઉંમર અને તેની સાથે થયેલી માનસિક યાતનાઓને ધ્યાનમાં રાખીને ન્યાયના વિશાળ હિતમાં કોર્ટે આરોપીને સજા ફટકારવાનું યોગ્ય માની આરોપીને કસૂરવાર ઠેરવી ૩ વર્ષની કેદ-દંડ ફટકાર્યો હતો.